જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૮/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૮૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૫ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૪ બીયર ટીન, ૧ કાર, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૧,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૮૫/૨૦૨૫**

શહેરકોટડાઃ જીજ્ઞાબહેન સંદીપકુમાર ઠાકર (ઉ.વ.૩૭) (રહે. શ્રી રામપાર્ક સોસાયટી લોટસ સ્કૂલની બાજુમાં ઈસનપુર) એ તા.૦૨/૮/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) રાહુલભાઇ વસીભાઇ રબારી અને (૨) રમીલાબહેન વા/ઓ રાહુલભાઇ રબારી (બન્ને રહે. બ્લોક નંબર– ૭૪૭ ગુજરાત હાઉસિંગ બોર્ડ શ્રીજી સ્કૂલ સામે બાપુનગર) એ જીજ્ઞાબહેનના પતિના ક્રેડિટ ઉપર માહે જુલાઇ– ૨૦૨૩ માં બાપુનગર ડી–માર્ટ મારુતિ કલ્પતરુ એસ્ટેટ એ/૧૨ પાછળ જય શ્રી રામ એન્ટરપ્રાઇઝ ખાતેથી ખરીદ કરેલ કરીયાણાનો માલ કિમત રૂપિયા ૨૮,૪૦,૦૦૦/– અન્ય વેપારીઓને વેચાણ કરી તેના લેણા નીકળતા રૂપિયા આજદિન સુધી નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.સરવૈયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૮૬/૨૦૨૫**

વટવાઃ નિકિતાબહેન વા/ઓ જયદિપભાઇ બાલાસ (ઉ.વ.૨૮) (રહે. વિનાયક રેસીડેન્સી નારોલ) એ તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૫ થી તા.૦૨/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન વટવા સદભાવના ચાર માળીયાની સામે અંબુજા એવન્યુ ગ્રાઉન્ડ ફ્લોર ખાતે રહેતા નિકિતાબહેનના પિતાના મકાનની પાછળનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૭/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ ટીંકલબહેન વા/ઓ રાજભાઈ શીકારી (ઉ.વ.૨૯) (રહે. ગાયત્રીનગર સોસાયટી વસંતનગર ટાઉનશીપ ગોતા) તા.૦૨/૦૮/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ગોતા વડવાળા ચોક વસંતનગર ખાતે શનિવારી માર્કેટમાં ખરીદી કરતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ નજર ચુકવી ટીંકલબહેન શીકારીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૫,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ટીંકલબહેન શીકારીએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૮/૨૦૨૫**

ઓઢવઃ કમલાબહેન વા/ઓ રામચંદ્ર પોરવાલ (ઉ.વ.૬૯) (રહે. ગોળ ચોક નઈ આબાદી બી.પી.એલ.ચોક પાસે મનસોર થાના–શહેર કોતવાલી મનસોર મધ્યપ્રદેશ) તા.૦૧/૦૮/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ગામ કચ્છ કડવા પાટીદાર સમાજની વાડી પાસે હિતેશ માર્બલના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કમલાબહેન પોરવાલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કમલાબહેન પોરવાલ એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૮૯/૨૦૨૫**

નારોલઃ કાજલ વા/ઓ ગૌરવભાઇ ડોબરીયા (ઉવ.૪૬) (રહે. પુષ્કર બંગ્લોઝ વટવા–ઇસનપુર રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૮/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે સીડીના કઠેરા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી